# શહેરના ૧૧ વર્ષીય બાળકનું ૫૧૬૨ મીટરની ઉંચાઈ સુધીનું પર્વતારોહણ..!!

## માઉન્ટ યુનામની ૫૧૬૨ મીટર ઉંચાઇ સર કરનાર સમગ્ર રાજ્યમાં સૌથી નાની વયનો પર્વતારોહક હોવાનો દાવો : માત્ર ૬ વર્ષનો હતો ત્યારથી ટ્રેકિંગ શરૂ કર્યુ હતું.

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના માત્ર ૧૧ વર્ષીય બાળકે લાહૌલ સ્પિતિ વેલીમાં ગ્રેટ હિમાલયન અને સાઉથ લદાખ રેન્જમાં ૬૧૧૧ મીટર ઉંચાઈ ધરાવતા માઉન્ટ યુનાનની ૫૧૬૨ મીટર ઉંચાઈ સુધી પર્વતારોહણ કર્યુ છે.

જ્યાં માઈનસ ૧૫થી ૨૦ ડિગ્રી તાપમાનમાં ૧૮થી ૨૫કિમીની ઝડપે ફુંકાતા બર્ફિલા ઠંડા પવનો વચ્ચે માત્ર પાંચ દોસ્ત કલાક ચાલ્યા પછી જાણે એક કિલોમીટર દોડ્યા હોય તેટલા થાક લાગીને શ્વાસ ચડી જાય તેવી સ્થિતિમાં કુમળી વયે આ અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે સેક્ટર-૭માં રહેતા ફરહાન ઈરફાન મલેક નામના બાળકે. આ સિદ્ધિ મેળવનાર તે માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ રાજ્યનો સૌથી યુવા પર્વતારોહક હોવાનો દાવો તેના પિતા ઈરફાન મલેક દ્વારા કરવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં તા.૩જી સપ્ટેમ્બરથી તા.૧૧મી સપ્ટેમ્બર દરમ્યાન એડવેન્ચર વેલી નામની સંસ્થા દ્વારા હિમાચલના માઉન્ટ યુનામ ખાતે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મોટા મોટા પર્વતારોહકો પણ હાર માની જાય ત્યાં અને જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી કોઈ ઝાડ પણ ઘાસનું તણખલું પણ ના દેખાય તેવી ઉંચાઈ પરના બર્ફિલા પહાડો પર પોતાના સ્વાસ્થ્યને નિયંત્રણમાં રાખીને કોઈપણ પ્રકારના માઉન્ટેઈન સીકનેસના લક્ષણો ના દેખાય તો જ આગળ વધી શકાય તેવા પડકારોને ઝીલીને ફરહાન મલેકે પોતાના અડગ મનોબળનો પરિચય આપતાં માઉન્ટ યુનામને સર કર્યો છે.

ફરહાન ૨૫ વર્ષથી ઉપરની વયના પર્વતારોહકોને જ પરમિશન મળે છે તેના તમામ માપદંડો પાર કરીને ખાસ પરમિશન મેળવી આ પર્વતારોહણમાં સામેલ થયો હતો" તેવું તેની સાથે ટ્રેકિંગમાં જોડાયેલાં તેના પિતા ઈરફાન મલેકે જણાવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે "આ પ્રકારની સિદ્ધિ મેળવનાર ફરહાન સમગ્ર ગુજરાતમાંથી સૌથી નાની વયનો પર્વતારોહક બન્યો છે જે કદાચ સમગ્ર દેશમાં પણ સૌથી નાનો પર્વતારોહક હોઈ શકે છે".

આ ટ્રેકિંગ દરમ્યાન પર્વતારોહકોની ટીમમાં ઈરફાન મલેક સાથે જોડાયેલો તેમનો દિકરો ફરહાન સૌથી નાની વયનો હતો. પિતા સાથે ફરહાને ઘણી રાતો માઈનસ ડિગ્રી તાપમાનમાં વિતાવી હતી તેમ છતાં તેણે અડગ મનનો પરિચય આપવા સાથે એક પણ ડગલું પાછી પાની કરી નહોતી. તે છેક સુધી શારિરીક રીતે ફિટ હતો અને ખરાબ વાતાવરણ, વરસાદ અને બરફવર્ષાને કારણે જ્યારે લીડરે પાછા ફરવાનો નિર્ણય લીધો હતો તે સમયે તેમણે થોડા મીટરના અંતરે યુનામ પર્વતની




ટોચ જોઈ જેને મનોમન આવતા વર્ષે સર કરીશું તેવા નિર્ણય સાથે તેઓ પાછા વળ્યાં હતા.

જોકે આટલી કાચી વયે તેણે મેળવેલી સિદ્ધિ અત્યંત પ્રસંશનીય છે, જેના પગલે તેણે શહેરના અનેક બાળકો અને યુવાનો માટે પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

## એવીવી સ્કૂલમાં પ્રકૃતિ કી પાઠશાલા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'પ્રકૃતિ કી પાઠશાલા' અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રકૃતિ કી પાઠશાલાએ વડાપ્રધાન મોદીની પર્યાવરણ માટેની જીવન શૈલીની પહેલ દ્વારા પ્રમોટ કરાયેલ એક અભિગમ છે. જે ભારતના 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કરવામાં આવે છે. આ ઝુંબેશ હેઠળ ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ અને તેના વિશે જાગૃત કરવા માટે શાળાઓમાં જાગૃતિ સત્ર શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન દ્વારા એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તથા રમતો રમાડવામાં આવી હતી. અને વિજેતાઓ ને ઈનામ પણ આપવામાં આવેલા હતા. વિદ્યાર્થીઓને પર્યાવરણનું રક્ષણ કરી પર્યાવરણને કઈ રીતે બચાવી શકાય તે વિશે સમજાવવામાં આવ્યું હતું.

## ગ્રાહકો આરોગ્યપ્રદ ખોરાકની પસંદગી કરી શકે એવા લેબલ હોવા જરૂરી

### ગાંધીનગરની આઇઆઇપીએચ ખાતે ખાદ્ય પેદાશોના પેકેટો ઉપર એફઓપીએલ અંગે બેઠક યોજાઇ : નિષ્ણાતોના મતે પેકેજ્ડ ફૂડ અલ્ટ્રા-પ્રોસેસ્ડ હોવા સાથે તેમાં ખાંડ, મીઠું અને ખરાબ ચરબી જેવાં હાનિકારક તત્વો વધુ




ગાંધીનગર, તા.૧૪

''ભારતે પૅકેટ-બંધ ખાદ્યપદાર્થો માટે 'ફ્રન્ટ ઑફ-પૅકેજ લેબલ' (એફઓપીએલ) અપનાવવું જોઈએ, જે ભારતના લોકો માટે સૌથી વધુ અનુકૂળ છે'' એમ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હૅલ્થ-ગાંધીનગર' દ્વારા આયોજિત એક પરામર્શ બેઠકમાં નિષ્ણાતોએ જણાવ્યું હતું. આજે ભારત જ્યારે એફઓપીએલ નિયમન લાગુ કરવા જઈ રહ્યું છે, ત્યારે વરિષ્ઠ સરકારી અધિકારીઓ, શિક્ષણવિદો, જાહેર આરોગ્ય નિષ્ણાતો, ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ અને નાગરિકોએ આ અંગે કેટલીક ભલામણો રજૂ કરી હતી. બિન-ચેપી રોગો (નોન કૉમ્યુનિકેબલ ડિસીસ)નાં જોખમ સામે કરોડો લોકોને સુરક્ષા પ્રદાન કરવામાં ફૂડ લેબલ્સની મહત્ત્વની ભૂમિકા પર ભાર મૂકતા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, એફઓપીએલ ફરજિયાત હોવું જોઈએ, પૅકેટના આગળના ભાગમાં 'વધુ પ્રમાણમાં' (હાઈ-ઈન) જેવી ચેતવણીઓ લખવી તેમ જ ખાંડ, ચરબી અને મીઠાની વૈજ્ઞાનિક રીતે નિર્ધારિત માત્રા લખેલી હોવી જોઈએ. દર વર્ષે ૫૮ લાખથી વધુ ભારતીયો કૅન્સર, ડાયાબિટીસ, અનિયંત્રિત હાયપર-ટેન્શન અને હૃદય રોગો જેવા બિન-ચેપી રોગો (એનસીડી)થી મૃત્યુ પામે છે. આ તમામ જીવલેણ રોગોની સારવાર કરવી મુશ્કેલ હોવા છતાં, તંદુરસ્ત ખોરાક પ્રણાલીને ટેકો આપીને ઘણા રોગો અટકાવી શકાય છે. 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે -૫' (એનએફએચએસ-૫) મુજબ સ્થૂળતા અને ડાયાબિટીસના વધતાં જોખમો અંગે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરતા, 'આઈઆઈપીએચજી'ના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકરે જણાવ્યું હતું કે, ''આ જોખમો બીજા વિકાસશીલ દેશોની જેમ ભારતમાં પૅકેજ્ડ ફૂડના વપરાશમાં થયેલા વધારા સાથે જોડાયેલી બાબત છે.'' ''આ ખાદ્યપદાર્થો વધુ પડતી પ્રક્રિયા કરેલા (અલ્ટ્રા-પ્રોસેસ્ડ) હોવા ઉપરાંત, તેમાં ખાંડ, મીઠું અને ખરાબ ચરબી જેવાં હાનિકારક તત્વો વધુ હોય છે. ભારતમાં બિન-ચેપી રોગોનું જોખમ વધારતાં આ નકારાત્મક પોષક-તત્ત્વોથી ભરપૂર ઉત્પાદનો વિશે લોકોને ચેતવણી આપતું 'ફ્રન્ટ ઑફ-પૅકેજ લેબલ'એ આજના સમયની તાતી જરૂરિયાત છે.''

પરામર્શ બેઠક દરમ્યાન મુખ્ય વક્તવ્ય આપતા, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર બીના વડાલિયાએ ખોરાકની બદલાઈ રહેલી પસંદગીઓ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, ''વિશ્વભરમાં વધુ મૃત્યુ માટે અન્ય કોઈ પણ જોખમી પરિબળો કરતાં બિન-આરોગ્યપ્રદ આહાર વધારે જવાબદાર છે. તે સ્થૂળતા, ટાઈપ-૨ ડાયાબિટીસ અને હૃદય રોગનું મુખ્ય કારણ છે. ભારતમાં ખાદ્ય અને પીણા ઉદ્યોગ ૩ કરોડ ૪૦ લાખ ટનના વેચાણ સાથે વિશ્વનો સૌથી મોટો ઉદ્યોગ છે. જુદાજુદા અભ્યાસો દર્શાવે છે કે, ભારતીય પરિવારોમાં, શહેરી અને ગ્રામીણ બાળકો, ચિપ્સ, ઈન્સ્ટન્ટ નૂડલ્સ, ચોકલેટ અને આઈસ્ક્રીમ મોટા પ્રમાણમાં ખાય છે. નિર્ધારિત માત્રા કરતાં વધારે ખાંડ, મીઠું અને સંતૃપ્ત ચરબી ધરાવતાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થો અને પીણાં, આપણાં બાળકોને મોટા પ્રમાણમાં બિન-ચેપી રોગોથી પ્રભાવિત કરે છે. આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે, બજારમાં ઉપલબ્ધ તમામ પૅકેટ-બંધ ખાદ્યપદાર્થો ઉપર વિજ્ઞાનની ભલામણ મુજબ હાનિકારક ઘટકોની નિર્ધારિત માત્રા લખેલી હોવી જોઈએ.'' આ પરામર્શ બેઠકમાં એફએસએસએઆઈ તથા કન્ઝ્યુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના વરિષ્ઠ અધિકારી, આઈઆઈએમ-અમદાવાદના સંશોધકો તેમ જ નાગરિક-સમાજ સંસ્થાઓના નામાંકીત પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૨૦૧૮માં 'ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા'એ એફઓપીએલ માટે ડ્રાફ્ટ નિયમન પ્રકાશિત કર્યું હતું, જે પછીથી વધુ ચર્ચા માટે પાછું ખેંચવામાં આવ્યું હતું. ડિસેમ્બર ૨૦૧૯માં, એફએસએસએઆઈએ એફઓપીએલને સામાન્ય લેબલિંગ નિયમનોમાંથી અલગ કરી દીધું અને હાલમાં નવા નિયમનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે.

## ચિલોડા ઓમલેન્ડ માર્ક શાળાનો રમતગમત ક્ષેત્રે તૃતિય ક્રમાંક



ગાંધીનગર, તા.૧૪

ગુજરાત સરકારદ્વારા તાજેતરમાં ૧૧માં મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ શાળાઓમાં ઓમ લેન્ડમાર્ક સ્કુલનો તૃતિય ક્રમાંક જાહેર કરી યોજાયેલા ૧૧માં ખેલ મહાકુંભના ઈનામ વિતરણ સમારોહમાં રમતગમત યુવક અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગુજરાત સરકારદ્રા યોજાયો હતો. જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ શાળાને ચેક આપીને સન્માનિત કરવામાં આવી હતી.

## રાસેયો દ્વારા હિન્દી દિવસ યોજવામાં આવ્યું



ગાંધીનગર, તા.૧૪

ગૂજરાતવિધાપીઠસંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા આજાદી અમૃત મહોત્સવ અંતર્ગત હિન્દી દિવસનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. ગાયત્રી દત્ત મેહતા સાહેબ હિન્દી રાજભાષા વિષય વિસ્તૃત માહિતી આપી હતી આજ નાં દીવસ બધાજ શારીરિક શિક્ષણ વિભાગનાં વિધાર્થીઓ વાર્તાલાપમાં હિન્દી ભાષાનું પ્રયોગ કરશે અને ઉપાસના ખંડમાં મૈથ્લી શરણ ગુપ્તનાં કાવ્યોનું પણ વાચન કરવામાં આવ્યું હતું સવારેનાં સત્રથી ડીનશ્રી ડૉ જગદીશ ચંદ્ર સાવલિયાએ હિન્દી ભાષામાં પોતાનું વકતવ્ય રજુ કરી વિધાર્થીઓને સરસ પ્રેરણા આને પ્રોત્સાહન આપ્યું હતું અને આખા દિવસ આપણે હિન્દી ભાષાને વિકસિત અને પ્રોત્સાહિત કરવા માટે સંકલ્પિત છીએ કે આપણે હિન્દી ભાષામાં જ વ્યવહાર અને પ્રચાર પ્રસાર કરીશું આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી




# રાજ્યના પશુધનની દરકાર કરતી ડબલ એન્જિન સરકાર

## પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે બજેટમાં ૩૦૦ કરોડની ફાળવણી

આધુનિક યુગમાં પશુપાલન એ નાના-સિમાંત અને જમીન વિહોણા લોકો માટે ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં રોજગારીનું સાધન બન્યું છે. કૃષિ સાથે સાથે પૂરક આવક મેળવવામાં પશુપાલન એક મહત્વનો વ્યવસાય છે. આજે રાજ્યમાં ચાલતી સઘન પશુપાલન પ્રવૃત્તિને કારણે ગુજરાત દેશના દૂધ ઉત્પદનમાં અગ્રેસર છે.

ગુજરાત સરકારે જેટલું મહત્વ કૃષિ અને કિસાનોને આપ્યું છે તેટલું જ મહત્વ પશુપાલન ક્ષેત્ર અને પશુપાલકોને આપ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્યમાં પશુપાલકોની ઉન્નતિ માટે સરકારે કૃષિ મહોત્સવ સાથે પશુ આરોગ્ય મેળાને જોડી દીધા હતા, જેથી પશુપાલકોને પશુઓના સ્વાસ્થ્ય તથા વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કેવી રીતે કરવું તેની સમજ પડે. રાજ્ય સરકારે દસ ગામ



દીઠ એક પશુ દવાખાનું શરૂ કર્યું છે. રાજ્યમાં મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજનાથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં પશુ ચિકિત્સા સેવાઓ વધુ સુદ્રઢ બની છે. રાજ્યના પશુપાલકોને પશુ દવાખાના ખાતે નિ:શુલ્ક પશુ સારવાર ઉપલબ્ધ બનતાં પશુ ચિકિત્સા સેવાનો વ્યાપ વધ્યો છે..

રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના પશુધનને રક્ષણ આપવા અને પશુપાલન ક્ષેત્રને વેગ આપવા માટે ડબલ એન્જિન રાજ્ય સરકાર કટીબદ્ધ છે. પશુપાલકોને ટૂંકી મૂદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે બજેટમાં ૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. સાથે જ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

## લમ્પી સ્કીન ડીસીઝને નાથવા કંટ્રોલરૂમ શરૂ કરાયો : લમ્પી સ્કીન ડીસીઝને કાબુમાં લેવા ૪૧ લાખથી વધુ પશુઓનું રસીકરણ

- રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને ગામ બેઠાં નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ દ્વારા પશુ સારવાર મળી રહે તે માટે વર્ષ ૨૦૦૨-૦૩થી રાજ્યવ્યાપી પશુઆરોગ્ય મેળા અભિયાન અમલમાં મુકાયેલ છે, જેમાં મેડિસિનલ સારવાર, સર્જિકલ સારવાર, કૃમિનાશક સારવાર, રસીકરણ અને કૃત્રિમ બીજદાનની સેવાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૭૨,૧૦૦થી વધુ પશુ આરોગ્ય મેળાઓના આયોજન દ્વારા ૨.૯૪ કરોડથી વધુ પશુઓને નિ:શુલ્ક પશુ સારવાર આપવામાં આવી છે. રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત કુલ ૪૪ લાખથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.
- ''નેશનલ એનિમલ ડીસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ'' અંતર્ગત યોજાયેલ પ્રથમ રાઉન્ડમાં રાજ્યમાં કુલ ૧૭૦ લાખ પશુઓમાં ખરવા-મોવાસા રોગપ્રતિકારક રસી આપવામાં આવી છે. સાથો સાથ ૨૦૦ લાખથી વધુ પશુઓને ઈયર ટેગીંગ દ્વારા આગવી ઓળખ-પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યમાં પશુ રસીકરણની કામગીરીમાં વાર્ષિક કુલ ૧૭૯ લાખનો વધારો થયો છે. (વર્ષ ૨૦૦૦-૨૦૦૧ : ૧૯૯.૭૫ લાખ વર્ષ ૨૦૨૦-૨૧ : ૩૭૮.૮૫ લાખ)
- ''નેશનલ એનિમલ ડીસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ'' અંતર્ગત ''ઈયર ટેગીંગ દ્વારા આગવી ઓળખ આપવાની કામગીરી'' માં અને ''ખરવા-મોવાસા રોગપ્રતિકારક રસીકરણની કામગીરી''માં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય ત્રીજા ક્રમે છે તેમજ બ્રુસેલ્લોસીસ રસીકરણની કામગીરીમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય ચોથા ક્રમે છે..
- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યમાં ૭૨૯ નવા પશુ દવાખાના/ફરતાં પશુ દવાખાનાની સ્થાપના કરવામાં આવી. (વર્ષ ૨૦૦૦-૦૧ : ૪૭૮ અને વર્ષ ૨૦૨૦-૨૧ : ૧૨૦૭)

– જેમાં ''દસ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના'' કાર્યરત કરવામાં આવેલ ૪૬૦ ફરતાં પશુદવાખાનાનો પણ સમાવેશ થાય છે. આ મોબાઈલ પશુ દવાખાનાની સેવા હેઠળ રાજ્યમાં અંદાજિત ૫૩૦૦ ગામોને આવરી લેવામાં આવ્યા છે, આ ફરતાં પશુ દવાખાના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૬ લાખથી વધુ નિ:શુલ્ક પશુ સારવાર પુરી પાડવામાં આવી છે

- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યમાં ૨૦ નવી વેટરનરી પોલિક્લીનિકની સ્થાપના. (વર્ષ ૨૦૦૦-૦૧ : ૧૪ અને વર્ષ ૨૦૨૦-૨૧ : ૩૪)

## રાજ્યમાં પશુપાલન ક્ષેત્રે કામગીરી

- માલિક વિહોણા અને અબોલ પશુઓની સારવાર તેમજ આકસ્મિક પશુ સારવાર માટે કુલ ૩૭ ''કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨'' ની સેવાઓ કાર્યાન્વિત કરવામાં આવી છે, જેમાં અત્યાર



સુધીમાં કુલ ૪,૫૦,૦૦૦ થી વધુ નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવી છે..

- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યમાં કુલ ૫૩૬૦ કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના થઈ છે. (વર્ષ ૨૦૦૦-૦૧ : ૩૬૯૩ અને વર્ષ ૨૦૨૦-૨૧ : ૯૦૫૩)
- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યમાં પશુઓમાં થયેલ કૃત્રિમ બીજદાનની કામગીરીમાં ૨૮૪ ટકાનો વધારો (વર્ષ ૨૦૦૦-૦૧ : ૨૨,૯૯,૩૮૧ અને વર્ષ ૨૦૨૦-૨૧ :૮૮,૩૪,૮૫૭)
- રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત ''રાષ્ટ્ર વ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ (NAIP)'' ના પ્રથમ તબક્કામાં ''કૃત્રિમ બીજદાનથી ગર્ભધારણ દર'' (Conception Rate)ની બાબતમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પાંચમાં ક્રમે અને બીજા તબક્કામાં ''કૃત્રિમ બીજદાન કરેલ પશુઓની સંખ્યા''ની બાબતમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય ચોથા ક્રમે છે.
- વર્ષ ૨૦૦૯થી શરુ કરવામાં આવેલ જાતીય આરોગ્ય કેમ્પ અંતર્ગત રાજ્યમાં ૩૬૦૦૦થી વધુ જાતીય આરોગ્ય કેમ્પનાં આયોજન થકી ૧૬ લાખથી વધુ પશુઓને જાતીય આરોગ્ય સારવાર આપવામાં આવી છે.
- પશુ સંવર્ધનની અધ્યતન ટેક્નોલોજી આધારિત ''સેક્સડ સીમેન ડોઝ'' ના ઉપયોગને રાજ્યમાં પ્રોત્સાહિત કરવાની દિશામાં રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળની ભારત સરકારશ્રીની સહાયથી સ્ટેટ ફ્રોઝન સિમેન પ્રોડકશન એન્ડ ટ્રેનિંગ ઈંસ્ટીટયુટ, પાટણ ખાતે ''સેક્સડ સીમેન લેબોરેટરી''ની ફેસીલીટીની સ્થાપના કરવામાં આવી છે.
- આ લેબોરેટરીમાં ઉત્પાદિત થનાર સીમેન ડોઝના ઉપયોગ થકી ૮૫ થી ૯૦ ટકા વાછરડીઓ અને પાડીઓનો જન્મ થશે અને રાજ્યમાં પશુપાલન વ્યવસાય આગામી દિવસોમાં વધુ નફાકારક બની રહેશે.
- પશુઓમાં વર્ષ ૨૦૦૦-૨૦૦૧ ની સરખામણીએ વર્ષ ૨૦૨૦-૨૧ માં ભેંસ, દેશી ગાય, સંકર ગાય અને બકરીની દૂધ ઉત્પાદકતામાં અનુક્રમે ૩૬%, ૫૧%, ૨૯% અને ૪૮% નો વધારો થયો છે.
- છેલ્લા વીસ વર્ષમાં રાજ્યના કુલ દૂધ ઉત્પાદનમાં ૧૦૫.૩૬ લાખ મે.ટનનો વધારો થયો છે. (વર્ષ ૨૦૦૦-૦૧ : ૫૩.૧૭ લાખ મે.ટન અને વર્ષ ૨૦૨૦-૨૧ : ૧૫૮.૫૩ લાખ મે.ટન)
- રાજ્યના દૂધ ઉત્પાદનમાં વધારો થતાં, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતામાં છેલ્લા વીસ વર્ષમાં અભૂતપૂર્વ વધારો નોંધાયેલ છે. વર્ષ ૨૦૦૦-૦૧ માં રાજ્યની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૨૯૧ ગ્રામ પ્રતિ દિન હતી. જે વર્ષ ૨૦૨૦-૨૧ માં વધીને ૬૩૧ ગ્રામ પ્રતિ દિન થયેલ છે.
- ''ઈન્ડિયા એનિમલ હેલ્થ સમીટ-૨૦૨૨'' માં ૭ જુલાઈ, ૨૦૨૨ ના રોજ નવી દિલ્લી ખાતે ગુજરાત રાજ્યને ''પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્ય'' (Best State in AH Infrastructure) નો એવોર્ડ એનાયત થયેલ છે.

## લમ્પી સ્કીન ડીસીઝ માટે યુદ્ધના ધોરણે કરેલ કામગીરી



- રાજ્યમાં મોટા પશુઓમાં જોવા મળેલ લમ્પી સ્કીન ડીસીઝના રોગચાળાની પરિસ્થિતીને પહોંચી વળવા માટે તમામ સ્તરે યુદ્ધના ધોરણે રાજ્ય સરકારે પગલા લીધા છે. રાજ્ય સરકારના પશુપાલન વિભાગ દ્વારા પશુઓને સ્થળ પર સમયસર પશુ સારવાર પુરી પાડવાની તેમજ સ્વસ્થ પશુઓને રોગ સામે રક્ષણ પુરૂ પાડવા રસીકરણ કરવાની, પશુપાલકોમાં રોગ પ્રત્યે જાગૃતિ માટે પ્રચાર-પ્રસાર, ટીવીના માધ્યમથી રોગના અટકાવ અંગે લેવાના પગલાંની યોગ્ય સમજ પુરી પાડવી, ઈમરજન્સી કોલ સેન્ટર-૧૯૬૨ના માધ્યમથી ૨૪૭૭ પશુપાલકોના રોગ અંગેના પ્રશ્નોનું નિવારણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા તા. ૨૬.૦૭.૨૦૨૨ ના જાહેરનામાથી તાત્કાલિક અસરથી રાજ્યના ૧૪ જીલ્લાઓને નિયંત્રિત વિસ્તાર જાહેર કરી, જે તે જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારમાંથી તે જિલ્લામાં તેમજ રાજ્યના અન્ય વિસ્તારમાં હેરફેર પર પ્રતિબંધ તેમજ જે-તે જિલ્લાઓમાં પશુઓના વેપાર, મેળા, પ્રદર્શન, રમતોના આયોજન પર પ્રતિબંધ મુકાયો છે.
- લમ્પી સ્કીન ડીસીઝના બચાવ અને નિયંત્રણ માટે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સંકલન સહ મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાજ્ય કક્ષાનો અલાયદો કંટ્રોલ રૂમ કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવેલ. પશુપાલકોને આ રોગ સંબંધિત સેવાઓ તથા માર્ગદર્શન માટે ૨૪૭૭ કાર્યરત કરવામાં આવેલ. જેમાં રોજના અંદાજિત ૨૬૦૦થી વધુ કોલ્સનો જવાબ આપવામાં આવી રહ્યો છે.
- રાજય સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સીટીના કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને પશુ ચિકિત્સાશાસ્ત્ર વિષયના અન્ય છ (૬) નિષ્ણાતો સહિત સાત (૭) સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.
- સાથે જ ૧૫૦૦ જેટલા કર્મચારી અધિકારીઓ લમ્પી સંદર્ભની કામગીરીમાં જોડાયેલા છે.
- મુખ્યમંત્રીશ્રીએ કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી સાથે લમ્પી સ્કીન ડિસીઝથી વધુ અસરગ્રસ્ત કચ્છ જિલ્લાની તા. ૦૨.૦૮.૨૦૨૨ ના રોજ મુલાકાત લીધી હતી.. આ રોગથી અસરગ્રસ્ત પશુઓને અલાયદા રાખવા માટે કાર્યરત ભૂજ આઈસોલેશન સેન્ટરની માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિરીક્ષણ-મુલાકાત લઈ પશુધનને અપાઈ રહેલી સારવાર-સંભાળની જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ રસીકરણ સેન્ટરની પણ મુલાકાત લઈને વેકસીન સ્ટોક, તેની સાચવણી વગેરેની માહિતી મેળવી હતી.
- ૧૬ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ૪૧ લાખથી વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે,